# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

---

1) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી આસામની ત્રણ દિવસની મુલાકાતે**
2) **તામિલનાડુનાં બજેટમાં રૂપિયાનું પ્રતીક બદલવા બદલ મુખ્યમંત્રી સ્ટાલિનની આકરી ટીકા**
3) **આજે દેશભરમાં ધુળેટીની પંરપરાગત રીતે ઉંમગ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે**
4) **ટ્રેનના અપહરણમાં ભારતનો હાથ હોવાના પાકિસ્તાનનાં આરોપોને ભારતે પાયાવિહોણા ગણાવ્યા**
5) **ઇન્ટરનેશનલ માસ્ટર્સ લીગ IML T20 ક્રિકેટમાં, ઇન્ડિયા માસ્ટર્સે ઓસ્ટ્રેલિયા માસ્ટર્સને હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો**

...............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH - ASSAM VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સાંજે ત્રણ દિવસની મુલાકાત માટે આસામ પહોંચશે, જે દરમિયાન તેઓ અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે. તેઓ જોરહાટ એરપોર્ટથી ગોલાઘાટ જશે અને ડેરગાંવમાં લચિત બરફૂકન પોલીસ એકેડેમીમાં રાત્રિ રોકાણ કરશે. આવતી કાલે સવારે, મિઝોરમ જતા પહેલા શ્રી શાહ અત્યાધુનિક પોલીસ એકેડેમીનું ઉદ્ઘાટન કરશે. બપોરે 2 વાગ્યે, તેઓ આસામ રાઇફલ્સનાં ઝોખાવસાંગમાં સ્થાનાંતરણ માટે આઇઝોલમાં આયોજિત એક કાર્યક્રમમાં હાજરી આપશે. બાદમાં, તેઓ રાત્રિ રોકાણ માટે ગુવાહાટી પાછા ફરશે.

રવિવારે ગૃહ મંત્રી કોકરાઝાર જિલ્લામાં ઓલ બોડો સ્ટુડન્ટ્સ યુનિયનની 57મી વાર્ષિક પરિષદને સંબોધન કરશે.

. . . . . . . . . . . . . . . .

# MAURITIUS FOREIGN MINISTER

મોરેશિયસના વિદેશમંત્રી ધનંજય રામફલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે. તેમણે નજીકનાં ભવિષ્યમાં વિશ્વનાં ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર બનવાની દિશામાં ભારતની આગેકૂચનો શ્રેય શ્રી મોદીને આપ્યો છે.

શ્રી રામફળે જણાવ્યું કે,ભારત આર્થિક મહાશક્તિ તરીકે ઉપસી રહ્યુ છે એટલું જ નહીં પણ મહાસત્તા તરીકે પણ ઉપસી રહ્યું છે. શ્રી રામફળે પોર્ટ લુઇસમાં જણાવ્યું કે, આગામી વર્ષોમાં બધાંની નજર ભારત પર રહેશે.

તેમણે જણાવ્યું કે, મોરેશિયસ ભારત સાથે વિશેષાધિકાર પ્રાપ્ત સંબંધ રાખવા અંગે સન્માનિત અનુભવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# TN RUPEE ISSUE

તામિલનાડુમાં બજેટમાં રૂપિયાના પ્રતિકને બદલવા બદલ ડીએમકેના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિનની ચારેકોરથી ટીકાઓ થઇ રહી છે..

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિન દ્વારા ટ્વિટર પર એક પોસ્ટમાં મૂળ રૂપિયાના પ્રતીકને તમિલ રૂપિયા સાથે બદલવા બદલ ડીએમકે સરકારની ટીકા કરી છે.

નાણામંત્રીએ ડીએમકે સરકાર પર રૂપિયાના પ્રતીકનો અનાદર કરવાનો આરોપ લગાવ્યો, આ ચિહ્ન તેમના  એક જ ધારાસભ્યના પુત્ર દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ ડિઝાઇન યુપીએના સમયગાળા દરમિયાન સ્વીકારવામાં આવી હતી જેમાં તેઓ ભાગ હતા.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વિપક્ષી નેતા ઇ. પલાનીસામીએ પણ ડીએમકે સરકાર પર મુખ્ય મુદ્દાઓથી બચવાનો અને મૂર્ખામીભરી રાજકીય રમતો રમવાનો આરોપ લગાવ્યો. રાજ્યના ભાજપ પ્રમુખ કે. અન્નામલાઈએ પણ સરકાર પર લોકોનું ધ્યાન ભટકાવવા અને બેવડા ધોરણો જાળવવાનો આરોપ લગાવ્યો.

. . . . . . . . . . . . . . . .

# UP SOLAR CITIES

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જાહેરાત કરી છે કે રાજ્યની તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનોને સૌર શહેરોમાં પરિવર્તિત કરવામાં આવશે. ગોરખપુરમાં આયોજિત રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ (NCAP) પર ત્રણ દિવસીય વર્કશોપ અને રાષ્ટ્રીય પરિષદના સમાપન સત્ર દરમિયાન આ જાહેરાત કરવામાં આવી. મુખ્યમંત્રી યોગીએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ 22,000 મેગાવોટ સ્વચ્છ ઉર્જા ઉત્પાદનનું લક્ષ્ય ધરાવે છે.

(BYTE: CM YOGI)

. . . . . . . . . . . . . . . .

# HOLI NATIONAL

આજે દેશભરમાં રંગોનાં પર્વ ધુળેટીની પંરપરાગત રીતે ઉંમગ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ઉત્તરપ્રદેશમાં વ્રજ મંડળથી માંડીને અયોધ્યા ધામ સુધી લોકો ધુળેટીનાં રંગે રંગાઈ ગયા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે ગોરખપુરમાં ભગવાન નૃસિંહ વિશ્વ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા સલામતીનો પૂરતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

લખનૌના અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

(VOICE CAST :OM AWASTHI)

કોલકતાના અમારા સંવાદદાતા જણાવે છે કે, પશ્ચિમ બંગાળમાં હોળીને ડોલ યાત્રા તરીકે ઉજવવામાં આવે છે. હાવરા જિલ્લામાં બેલુર મઠ ખાતે ભક્તો મોટી સંખ્યામાં આવી રહ્યા છે. ગૌડિયા મઠે કોલકતામાં ભાગવત સભા અને ગૌર પરિક્રમા જેવી વિધીનું આયોજન કર્યું છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ

સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## EARTHQUAKE -LADAKH

રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, આજે વહેલી સવારે લદ્દાખના કારગિલમાં ૫.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જમ્મુ અને કાશ્મીરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપ સવારે ૨.૫૦ મિનિટે ૧૫ કિમીની ઊંડાઈએ આવ્યો હતો. કોઈ નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી.

. . . . . . . . . . . . . . .

## MEA- PAK TRAIN

તાજેતરમાં ટ્રેન અપહરણમાં ભારતનો હાથ હોવાના પાકિસ્તાનના આરોપોને ભારતે પાયાવિહોણા ગણાવ્યા છે. પાકિસ્તાનના આરોપો અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા

રણધીર જયસ્વાલે જણાવ્યું કે ભારત પાકિસ્તાનના પાયાવિહોણા આરોપોને સ્પષ્ટપણે નકારે છે. તેમણે કહ્યું કે આખી દુનિયા જાણે છે કે વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર ક્યાં છે. પ્રવક્તાએ કહ્યું કે પાકિસ્તાને પોતાની આંતરિક સમસ્યાઓ અને નિષ્ફળતાઓ માટે બીજાઓ પર આંગળી ચીંધવા અને દોષારોપણ કરવાને બદલે પોતાની અંદર જોવું જોઈએ.

. . . . . . . . . . . . . . . .

# IML CRICKET

ઇન્ટરનેશનલ માસ્ટર્સ લીગ IML T20 ક્રિકેટમાં, ઇન્ડિયા માસ્ટર્સે ગઈકાલે રાયપુરમાં ઓસ્ટ્રેલિયા માસ્ટર્સ પર 94 રનથી વિજય મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. યુવરાજ સિંહે આક્રમક અડધી સદી ફટકારી, જ્યારે ડાબોડી સ્પિનર શાહબાઝ નદીમે ચાર વિકેટ ઝડપી હતી.

ઇન્ડિયા માસ્ટર્સે કેપ્ટન સચિન તેંડુલકરની 42 રનની મજબૂત શરૂઆત બાદ યુવરાજે બાજી સંભાળી હતી, બ્રાયસ મેકગેઇનના એક ઓવરમાં ત્રણ છગ્ગા સહિત 26 બોલમાં અડધી સદી ફટકારીને ભારતને 7 વિકેટે 220 રનનો સ્કોર પર પહોંચાડ્યો હતો. જવાબમાં, ઓસ્ટ્રેલિયા માસ્ટર્સની ટીમ શરૂઆતથી  સંઘર્ષ કરી રહી હતી પાવર પ્લેમાં ત્રણ ઝડપી વિકેટ ગુમાવ્યા બાદ  18.1 ઓવરમાં ફક્ત 126 રનમાં ઓલઆઉટ થઈ ગઇ હતી

આજે બીજી સેમિફાઇનલમાં, શ્રીલંકા માસ્ટર્સનો સામનો વેસ્ટ ઇન્ડીઝ માસ્ટર્સ સામે થશે. રાયુપરમાં આ મેચ સાંજે 7:30 વાગ્યે રમાશે.

. . . . . . . . . . . . . . .

# ST.ANTHONY'S FESTIVAL

શ્રીલંકાના કચ્ચાથિવુમાં આજથી વાર્ષિક સેન્ટ એન્થોની ફેસ્ટિવલ શરૂ થઈ રહ્યો છે. ભારત અને શ્રીલંકાના માછીમારો ખૂબ જ ઉત્સાહથી તેમાં ભાગ લે છે. રામનાથપુરમના જિલ્લા મેજિસ્ટ્રેટે આજે સવારે યાત્રાળુઓને લઈ જતી હોડીઓને લીલી ઝંડી આપી હતી. આ બોટ લગભગ અઢી કલાકમાં કચ્ચાથીવુ પહોંચશે. આ ઉજવણી આજે સાંજે શરૂ થશે અને આવતીકાલ સુધી ચાલુ રહેશે. આ પછી, ભારતીય માછીમારો ઘરે પાછા ફરશે.

માછીમારોના આશ્રયદાતા સંત ગણાતા પદુઆના એન્ટોનીના નામ પરથી નામ આપવામાં આવેલા ચર્ચમાં સેન્ટ એન્થોની ફેસ્ટિવલમાં બંને દેશોના માછીમારો હાજરી આપે છે.

. . . . . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ અને અરુણાચલ પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. પંજાબ, હરિયાણા-ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાન, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં દિવસભર ભારે પવન અને વાવાઝોડા સાથે વરસાદ પડી શકે છે. આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં છૂટાછવાયા સ્થળોએ કરા પડવાની પણ  શક્યતા છે.

હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્ર, કચ્છ, વિદર્ભ, છત્તીસગઢ, ઝારખંડ, ઉત્તર દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને ઓડિશામાં ગરમીનું મોજું પ્રવર્તવાની  આગાહી કરી છે.

. . . . . . . . . . . . . . . .

# PUTIN -UKRAINE CEASEFIRE

યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષનો અંત આણવા પ્રયત્ન કરવા બદલ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુટિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સહિતનાં વૈશ્વિક નેતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો છે.

ગઈ કાલે બેલારુસના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર લુકાશેન્કો સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં શ્રી પુટિને યુધ્ધગ્રસ્ત પ્રદેશમાં અનેક વૈશ્વિક

પડકારો છતાં શાંતિની સ્થાપના માટે પ્રતિબધ્ધતા બદલ પ્રધાનમંત્રી મોદી અને બ્રાઝિલ તથા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખો સહિતનાં વૈશ્વિક નેતાઓનાં પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

ગયા મહિને વ્હાઇટ હાઉસ ખાતે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની બેઠક દરમિયાન શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રશિયા-યુક્રેન વચ્ચેના સંઘર્ષમાં ભારતનું વલણ સ્થિર નથી.

. . . . . . . . . . . . . . . .